ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*જૂનાં ખખડેલાં મીગ આપણું મોટું મિશન છે,
છો ઉડે ન ઉડે, પણ એમાં મોટું કમિશન છે
ફેશન છે શસ્રો-સરંજામની સંગ્રહખોરીની -
સીમા સાચવવામાં તો આપણી ખૂબ પેશન છે...*

### હાઈકુ

*ચૂંટણી ખર્ચે -
હથિયારો ખરીદી
બને છે ઢાલ
(કમિશન - ફંડ)*

*મોલ ની છતે
બનાવો હેલીપેડ
ને કરો ફેરા...
(પાર્કિંગ પ્રશ્ન)*

### ચિંતન

*ગુરુ માતુ પિતા, સ્વામી હિતુ બાની ।
બિનહિ બિચાર કરિઅ સુભ જાની ॥*

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ ચે.

ગુરુ, પિતા, માતા, સ્વામી અને હિતૈષીનાં વચનો સાંભળી તેમને ભલાં જાણી પ્રસન્ન મનથી સ્વીકારવા જોઈએ. ઉચિત છે કે અનુચિત એવો વિચાર કરવાથી ધર્મ નષ્ઠ થઈ જાય છે અને માથા પર ભાર લદાય છે.

ધર્મમાં આપેલ આજ્ઞાઓ પ્રાચીન વિદ્વાન ધર્મગુરુઓ એ ખૂબ ચિંતન - વિચાર પછી નક્કી કરી છે 'સત્ય' અહિંસા - દયા દાન જેવી બાબતો - વિચાર કર્યા વિના જીવનમાં અમલ કરી આચરણ કરવું જોઈએ.

### સુવિચાર

- અદા હુઆ ન કર્ઝ ઔર વજૂદ ખત્મ હો ગયા,
  મૈં જિંદગી કા દેતે દેતે સૂદ ખત્મ હો ગયા - **મિલિંદ ગઢવી**
- પ્રેમની પારાશીશી? તમામ ગુણો અવગુણો સાથે સહજ સ્વીકાર - **સુરેશ દલાલ**
- સંવાદ... લાગણી વિનાનો હોય તો ટૂંકમાં પતાવવો... નહિં તો કર્કશ લાગશે - **સંદિપ પુજારા**
- આ જિંદગી તો એક મહામૂલી મૂડી છે,
  ખર્ચાશે એ ધરાર ભલે કરકસર કરો - **રવિ દવે**
- જે સત્કર્મ સમજે છે એને કોઈ ધર્મ સમજવાની જરૂર નથી - **વજુ કોટક**
- એક 'કાશ' અને બહુ બધી 'આશ' અને મર્યાદિત 'શ્વાસ' વચ્ચે અટવાયેલી રમત
  એટલે 'જિંદગી' - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : લીંબડાનો ગુંદરનો પાક બનાવી સ્તનપાન કરાવતી માતાને ખવડાવવાથી ધાવણ વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સ્કોટલેંડના ગરીબ પરિવારમાં જન્મેલ બાળકને સમજાયું કે ગરીબીના કારણે વિકાસ શક્ય નથી. પિતા પરચૂરણ કામ કરે, માતા ઘરે કેક બનાવી દુકાનદારને આપે. એમાં કંઈ ગરીબી ઓછી થતી ન હતી. એવામાં પડોશનો એક યુવાન આ બાળકનો મિત્ર હતો. જે ઘરથી ભાગી અમેરિકા જવાની તૈયારી કરતો હતો. આ બાલક પણ એની સાથે અમેરિકા પહોંચી ગયો. સ્ટિલ કંપનીમાં પટાવાળા તરીકે નોકરી મળી ગઈ. ખાસ કંઈ કામકાજ રહેતું ન હોવાથી ફુર્સતના સમયે તેણે મેનેજર પાસેથી કંપનીની લાઈબ્રેરીમાંથી પુસ્તકો તેણે વાંચી લીધા, એવામાં કંપનીના ડાયરેકટર્સની મિટીંગમાં કામદારોના પ્રશ્નો માટે વિવાદ સર્જાયો. વિવાદ ગંભીર હતો કે ડાયરેક્ટરો કોઈ નિર્ણય લઈ શકતા ન હતા. આ યુવાન પટાવાળો સૌની વાતો અને ચર્ચા સાંભળી રહ્યો હતો. ધીમે રહી બોર્ડ રૂમમાં એ દાખલ થયો અને એક પુસ્તકના બે ત્રણ પાના મેનેજિંગ ડાયરેકટરને શાંત મગજે વાંચી જવા વિનંતી કરી પોતે બોર્ડ રૂમની બહાર નીકળી ગયો. એ ત્રણ પાનામાં આ વિવાદનો જવાબ હતો. એક પટાવાળાએ પુસ્તકમાંથી શોધીને વિવાકનો અંત આણ્યો. સૌ ડાયરેકટરો એ તેની હોંશિયારીના વખાણ ખર્યા. એ પટાવાળાએ ફાલતું સમયમાં પુસ્તકો વાંચીને આ મહાનુભાવોને આશ્ચર્યચકિત કરી દીધા. અમેરિકાના ઈતિહાસમાં એ જાણીતો ઉદ્યોગપતિ અને દાનેશ્વર 'એન્ડ્રુ કાર્નેગી' તેનું નામ હતું.

# ગ્રહણ વિશેની અંધશ્રદ્ધા છોડીએ

*તંત્રીસ્થાનેથી...*

સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ એ ખગોળીય ઘટનાઓ છે, જેને આપણા વૈજ્ઞાનિકો વર્ષોના અભ્યાસ પછી શુદ્ધ સ્વરુપે સમજી શક્યા છે. ધર્માચાર્યોએ મનઘડંત અર્થ કાઢીને આ ઘટનાઓને બીકાળવી બનાવી દીધી છે. જયોતિષ શાસ્ત્ર સાચું હોઈ શકે છે પરંતુ જયારે આવી ખગોળીય ઘટનાઓનાં ખોડાં અને અવૈજ્ઞાનિક અર્થ ઘટન કરી પ્રજાને બીવડાવી મારે ત્યારે સારું નથી લાગતું. ધાર્મિક માન્યતાઓ પરંપરામાં ફેરવાઈ જાય છે ત્યારે પ્રજા સત્યને પણ શંકાની નજરે જોવા લાગે ઓછે. યુરોપના નવ જાગૃતિ યુગમાં ગેલીલિયો જેવા વૈજ્ઞાનિકોની કેવી દુર્દશા થઈ હતી તે આપણે જાણીએ છીએ. એણે ફક્ત એટલું જ કહ્યું હતું કે પૃથ્વી ફરે છે, સૂર્ય નહીં. બસ, એ એનો મહા અપરાધ બની ગયો અને એને રિબાવી રિબાવી પોતે જે કહ્યું તે ખોટું અને ધર્મગુરુ કહે છે કે ધર્મગ્રંથમાં લખ્યું છે તે જ સાચું - એવી કબૂલાત કરાવાઈ હતી. સત્યના ઉપાસકને જોખમો વચ્ચે જ જીવવાનું હોય છે. આર્યસમાજના સ્થાપક અને ગુજરાતના પનોતા પુત્ર દયાનંદ સરસ્વતીએ આપણા પરંપરાગત અંધવિશ્વાસ સામે રીતસરનો બૂંગિયો ફૂંક્યો હતો. એમના સમકાલીન વીર નર્મદે આ ક્રાંતિકારી વિચારકને સુરતમાં નોતરી સન્માન કર્યું ત્યારે પાખંડીઓને ઢેખાડા માર્યા હતા. યુરોપમાં માર્ટિન લ્યૂથર જેવા ક્રાંતિકારીઓને જીવતા સળગાવી દેવાયા હતા. દયાનંદ સરસ્વતીએ એમનાં ધર્મગ્રંથ 'સત્યાર્થ પ્રકાશ'માં સૂર્ય, ચંદ્ર, તારા વગેરેને ખગોળીય પદાર્થો ગણાવ્યા છે અને આપણાં પોંગા પંડિતોએ રચેલાં પુરાણોની ભારે ખિલ્લી ઉડાવી છે. ગ્રહણ વિશેનો એમનો અભિપ્રાય વિશુદ્ધ વિજ્ઞાન સંમત હતો. એને તેઓ ખગોળીય ઘટનાથી વધુ મહત્ત્વ નથી આપતા. ઈસ્લામ પણ આ તમામ તેજપુંજ ખુદા તાલાએ માનવીના જીવનને રળિયાત કરવા બનાવ્યા હોવાનું માને છે. આ જ કારણ છે કે પાક મુસલમાનને સૂર્ય નમસ્કાર કરતાં અટકાવે છે. ગ્રહણ વખતે મંદિરો બંધ રાખવાં, આભડછેટ પાળવી, ગ્રહણ વખતે બહાર ન નીકળવું, ગ્રહણ જોવું નહીં વગેરે બાબતો સનાતન ધર્મમાં પરંપરાનું સ્વરુપ પામી ચૂકેલ છે. પરંતુ આવાં ખગોળીય દૃશ્યો જોવાં એ તો જિંદગીનો લહાવો છે. એ વખતે અલ્ટ્રાવાયોલેટ અને ઈન્ફ્રારેડ કિરણોની આંખને નુકશાન ન થાય એ માટે ગ્રહણ - સવિશેષ સૂર્યગ્રહણ ગોગલ્સ પહેરીને અથવા થાળીમાં પાણી ભરી એના પ્રતિબિંબ સ્વરુપે જોવાનો આગ્રહ તો વિજ્ઞાન સમર્થકો પણ રાખે છે. આ ગુરુપૂર્ણિમાએ થયેલ ખગ્રાસ ચંદ્રગ્રહણ સદીનું સૌથી લાંબા સમય સુધી ચાલેલું ચંદ્રગ્રહણ હોવા ઉપરાંત એમાં 'બ્લડી મૂન' નો નજારો એ આકર્ષણની બાબત હતી. વહેમીલા લોકોએ ઘરમાં સંતાઈ જઈ આવું ઉત્કૃષ્ટ પ્રાકૃતિક દૃશ્ય નિહાળવાની તક ગુમાવી હોય તો તે જરૂર શોચનીય ગણાય. એક તરફ આપણે ચંદ્ર અને મંગળ પર વસાહતો રચવા માગીએ છીએ; ભારત હવે અવકાશ યુગમાં અગ્રેસર દેશ બની ચૂક્યો છે; ત્યારે બીજી તરફ આપણે હજી પણ ગ્રહણની શુભ-અશુભ અસરોની બિનજરૂરી ચિંતા કરતા રહીએ તે કેટલું ઉચિત ગણાશે ?

### આટલું સમજી શકીએ....

# મેલેરીયા, ચીનકગુનિયા, ડેન્ગ્યુ વગેરે માટે આપણે પોતે જ જવાબદારી છીએ...



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

બાળપણ – યુવાન અવસ્થા અને ઘર પણ એવા ત્રણ ભાગ ભગવાને આપણને આપ્યા છે. એવી જ રીતે ભગવાને ઉનાળો, શિયાળો અને ચોમાસુ પણ મનુષ્ય જાતને આપ્યા છે. ઉનાળાની મજા અલગ હોય છે. શિયાળાની મજા અલગ હોય છે અને ચોમાસાની મજા પણ અલગ હોય છે. અત્યારે ચોમાસુ ભરપૂર ખિલ્યું છે. જોકે, ભારતના બધા જ રાજ્યો અને લગભગ બધા જ શહેરોમાં જરૂરિયાત કરતાં વધારે વરસાદ પડ્યો છે. જે કહે છે ને કે મેઘા મહેર વરસાવી છે. વરસાદ છાપાની ભાષામાં બોલીએ તો સાંબેધાર પડ્યો. પણ ગાંધીનગરમાં ભગવાનની અમીદ્રષ્ટિ છે કે જોઈએ એટલો જ પડે છે. બાકી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના શહેરોને પાણીએ ધોઈ નાખ્યા છે. પણ આપણે વાત કરવી છે કે તન તંદુરસ્તીની....

વરસાદ વધારે પડે એ સારું છે, જરૂરી છે અને વરસાદ વગર બધુ જ નકામું છે. પાણી એ જ જીવન છે, ને જીવન માટે પાણી જરૂરી છે. મનુષ્યના શરીરમાં પણ લગભગ ૪૦ થી ૬૦ ટકા જેટલું પાણી રહેલું છે એટલે પાણીનો આધાર મનુષ્ય જીવન પર રહેલો છે. પાણી ન હોય તો મનુષ્ય પણ ન હોય. પણ વધારે વરસાદના કારણે વાતાવરણ ભેજવાળું બને છે. અને ભેજવાળા વાતાવરણને લીધે અચાનક જ અથવા તો સાઈકલ પ્રમાણે જુદા જુદા જીવજંતુઓ અચાનક જન્મ લે છે. જેમ કે, મકોડાને પણ પાંખો આવે છે, ન જોયા હોય એવા ન કલ્પના કરી હોય એવા જીવજંતુઓ જમીનમાંથી અચાનક પાંખો સાથે ઉડવા લાગે છે. રાત્રીના મ્યુનિસિપાલિટીની સ્ટ્રીટ લાઈટમાં લાખોની સંખ્યામાં જીવડા જોવા મળે છે. ત્યારે પ્રશ્ન થાય કે આ જીવડા ક્યાંથી આવ્યા ? અચાનક પાંખો કેવી રીતે આવી ગઈ ? પણ આ તો હકીકત છે બધાએ જોયેલું જ છે. એટલે આ તો બધા જોઈ શકે છે. પણ નરી આંખે ન દેખાતા એવા કેટલાય બેક્ટેરીયા અને વાઈરસ વરસાદના ભેજવાળા વાતાવરણને લીધે જન્મે છે. કારણ કે ભેજવાળા વાતાવરણમાં બેક્ટેરીયા અને વાઈરસને અનુકૂળ વાતાવરણ હોવાથી તેમનો ગ્રોથ વધે છે. કે જે માનવ સમાજ માટે હાનીકારક છે. અને તેના લીધે મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા, ટાઈફોડ, નિમોનિયા, શરદી – ઉધરસ ને ઝાડા – ઉલટી, કમળો વગેરે પ્રકારના રોગ મનુષ્યને હેરાન કરે છે. આ તો જાણીતી વાત છે આમાં નવું કશું નથી. વાંચનારને પણ ખબર છે અને બધા જાણે છે. પણ આનો રસ્તો શું ? શા માટે આપણે લોકો હેરાન થઈએ છીએ. ઘણીવાર કુદરતની કળાને આપણે સમજી નથી શકતા. ભગવાન મનુષ્યને શા માટે હેરાન કરે છે ? આવા જીવજંતુઓ ને વાઈરસ બેક્ટેરીયાને જન્મ શું કરવા આપે છે ? કારણ કે ગીતામાં લખ્યું છે કે દરેક પૃથ્વી પર થતી પ્રક્રિયાઓ અથવા પ્રસંગો માટે ભગવાન જ જવાબદાર છે. ગીતામાં લખ્યું છે કે હે પાર્થ મારી મરજી વગર એક પત્તું પણ હાલી શકતું નથી. તો ભગવાનની મરજી વગર જેમ મનુષ્ય કંઈ કરી શકતો નથી તો પછી આ વાઈરસ, બેકટેરીયા અને જીવજંતુઓ, મકોડાને પાંખો એ બધુ ભગવાનની મરજીથી જ થતું હશે ને. તો ભગવાનની આવી કેવી મરજી કે મનુષ્ય જાતને હેરાન કરે છે. એનો મતલબ એ થયો કે ભગવાન પોતાની હયાતી છે એવું સતત બતાવવા પ્રયત્ન કરે છે અને બીજા શબ્દોમાં કહીએ કે ભગવાનનો એક છેડો પોતાના હાથમાં રાખે છે. મનુષ્ય જાત પોતાની જાતને બહુ જ મહાન માને કે અમે ચંદ્ર ઉપર જઈએ, કે બીજા ગ્રહો પર જઈએ છે કે સમુદ્ર પર ઘર બનાવીએ છીએ અને અમો બહુ મહાન છે ત્યારે ભગવાન કહે છે કે લે તારામાં તાકાત છે ? આ બેક્ટેરીયા અને વાઈરસને નાબુદ કરવાની. ટૂંકમાં કાંઈક એવું છે કે જે મનુષ્યને સતત કંટ્રોલમાં રાખે છે જેને લોકો ભગવાન કહે છે. પણ આ બધું તો ઠીક છે પણ આપણે શું કરવાનું ? ભગવાને મનુષ્યને મગજ આપ્યું છે, બુદ્ધિ આપી છે અને ભગવાને રમવા માટે મોકલ્યા છે તો આપણે પણ મનુષ્ય જાત કમ નથી. આપણે લોકોએ પણ વાઈરસ, બેક્ટેરીયા અને જીવજંતુ બધાનો અભ્યાસ કરી એમનાથી બચવા માટે શું શું કરવાનું એ પણ આપણે શોધી નાખ્યું છે. એ લોકોને કેવી રીતે નાથવા એની દવાઓ પણ આપણે શોધી નાંખી છે. મેલેરીયા કઈ રીતે થાય છે ? પાણી અને ગંદકી જેમાં મચ્છરનો ઉપદ્રવ થાય છે અને એ મચ્છરમાં મેલેરીયાના જંતુ હોય છે. જ્યારે મચ્છર માનવને કરડે છે ત્યારે એ મચ્છરના ઈંડા શરીરમાં મૂકી દે છે અને આપણા શરીરમાં મેલેરીયાના જંતુ ઉગે છે. અને મનુષ્યને શારીરિક તકલીફ પહોંચાડે છે. જેને આપણે મેલેરીયાનો તાવ કહીએ છીએ. એનું લેબોરેટીમાં ચકાસણી પણ થાય છે

(ક્રમશઃ)

# આવો સાચા બ્રાહ્મણત્વને ઓળખીએ, 'બ્રાહ્મણ' એ જ્ઞાતિ નહીં એક સંસ્કાર છે



## મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

મેરા ભારત મહાનમાં વસતા આપણને સૌને છેલ્લા કેટલાંક સમયથી આપણી જ રાજનીતિ જ્ઞાતિ – જાતિના ધીમા ઝેર પીવડાવવી રહી છે. અને આપણે સૌ એને હસતા હસતા જાણે અમૃત હોય એમ પીએ પણ છીએ. આને કારણે આજે ભારતીય સમાજમાં જ્ઞાતિ – જાતિ આધારિત ભાગલા પડવાના શરું થઈ ગયા છે, આ ઝેર હવે ધીમેથી ગુજરાતમાં પણ પ્રવેશી રહ્યું છે. આજે લગભગ જ્ઞાતિએ પોતાના મંડળો સ્થાપિને કાર્યક્રમો કરવાના શરું કરી દીધા છે. આવું કરવાથી દલિત, આદિવાસી અને અન્ય જ્ઞાતિઓના આગેવાનો પન સક્રીય થયા છે તો બીજી તરફ બ્રાહ્મણો ય હવે જય પરશુરામ કરીને મેદાને પડ્યા છે. જો કે આજે મારે અન્ય કોઈ જ્ઞાતિ – જાતિ વિશે કશુ નથી કહેવું પણ બ્રાહ્મણો વિશેની થોડી વાત કરવી છે. આપણે સૌ જાણીએ છીએ કે આજકાલ સોશિયલ મિડીયા ઉપર બ્રાહ્મણો ઉપર જ્ઞાતિ-જાતિના ભાગલા કરવાવાળા તરીકે જાતજાતના આક્ષેપો મૂકવામાં આવી રહ્યા છે. આજસુધી દલિતોના આક્રોશનો ભોગ પણ બ્રાહ્મણો જ બનતા આવ્યા છે. આ સંદર્ભનો વોટ્સપ પર હમણા એક મેસેજ ફરતો થયો છે જેનું સંશોધન કરતા મને એમાં તથ્ય પણ જણાયું છે. નામ વિનાના આ મેસેજની વાતને અહીં હું મૂકું છે જે આપણને સૌને વિચારતા કરી મૂકે છે.

સવર્ણોમાં એક જાતિ આવે છે બ્રાહ્મણની. આ બ્રાહ્મણો ઉપર સદીઓથી રાક્ષસ, પિશાચ, દૈત્યો, યવન, મોગલ, અંગ્રેજો અને અનેક રાજકીય પક્ષોએ આક્રમણ કર્યું છે. બ્રાહ્મણ ઉપર આરોપ છે કે જ્ઞાતિભેદ એમણે ઊભો કર્યો છે. ખરેખર તો જે વેદોને અપૌરુષેય ગ્રંથ ગણવામાં આવે છે તેનું સંકલન વેદ વ્યાસે કરેલું છે અને વેદ વ્યાસ માછીમાર સ્ત્રીના પુત્ર હતા. અઢાર પુરાણ, મહાભારત, ગીતા એ વ્યાસજીએ રચેલા છે. જેમાં વર્ણ વ્યવસ્થા અને જાતિ વ્યવસ્થાની વાત આવે છે. વ્યાસ બ્રાહ્મણ નહોતા. બ્રાહ્મણ દ્વારા કોઈ એવો ગ્રંથ લખાયો નથી જેમાં જાતિ વ્યવસ્થાની વાત કરવામાં આવી હોય. કદાચ કોઈને મનુસ્મૃતિનું નામ યાદ આવે. તો મનુ મહારાજ ક્ષત્રિય હતા. મનુસ્મૃતિ કોઈએ આખી વાંચી નથી. મનુસ્મૃતિનો અભ્યાસ કરવામાં આવે તો વાત કંઈક જુદી જ સમજાય એવી છે. ખરેખર તો બ્રાહ્મણોએ જે ગ્રંથોની રચના કરી છે તે જાણવા જેવી છે. (૧) યંત્રસર્વસ્વમ્ (એન્જીનિયરીંગનો આદી ગ્રંથ - લેખક ભરદ્વાજ) (૨) વૈમાનિક શાસ્ત્ર (વિમાન બનાવાનું શાસ્ત્ર - લેખક ભરદ્વાજ) (૩) સુશ્રુત સંહિતા (સર્જરી ચિકિત્સા - લેખક સુશ્રુત) (૪) ચરક સંહિતા (ચિકિત્સા લેખક - ચરક) (૫) અર્થશાસ્ત્ર (જેમાં સન્ય વિજ્ઞાન, રાજનીતિ, યુધ્ધનીતિ, દંડ અને કાનૂન વગેરે મહત્વપૂર્ણ વિષયોની ચર્ચા છે.) લેખક - કૌટિલ્ય. (૬) આર્યભટીયમ (ગણિત) લેખક - આર્યભટ્ટ. એવી જ રીતે છંદશાસ્ત્ર, નાટયશાસ્ત્ર, પરમાણુવાદ, ખગોળવિજ્ઞાન, યોગવિજ્ઞાન સહિત પ્રકૃતિ અને માનવ કલ્યાણ અર્થે અનેક વિદ્યાઓનો સંચય, તેનું સંશોધન અને તેના પ્રયોગો માટે બ્રાહ્મણોએ પોતાનું પૂરું જીવન ભયાનક જંગલોમાં, ઘોર દરિદ્રતામાં વિતાયેલું છે. બ્રાહ્મણો પાસે દુનિયાના પ્રપંચો માટે સમય નહોતો. બ્રાહ્મણો શક્તિશાળી હતા અને છતાં કોઈ પૃથ્વીના ભોગવિલાસ માટે રાજા નથી બન્યા. વિદેશી માનસિકતાને કારણે કમ્યુનિસ્ટોએ ખોટા ઈતિહાસો રચીને બ્રાહ્મણોને નીચા દર્શાવ્યા છે. બ્રાહ્મણોએ હંમેશાં રાષ્ટ્ર શક્તિશાળી બને, અખંડ બને, ન્યાય અને વ્યવસ્થા સુદ્રઢ બને તે પ્રાર્થનાઓ કરી છે.

સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા,
સર્વ ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત દુઃખ ભાગ્ભવેત ?

આવા મન્ત્રો આપનારો બ્રાહ્મણ, વસુધૈવ કુટુંબકમ્ કહેનાર બ્રાહ્મણ, અધ્યયન અને અધ્યાપન કરનારો બ્રાહ્મણ કેમ દેખાતો નથી ? અને આ કામ માત્ર બ્રાહ્મણોએ જ કર્યું છે એવું નથી ઘણાં બધા ઋષિઓએ, મુનિઓએ, વિદ્વાનોએ, અન્ય વર્ણના લોકોએ પણ કર્યું છે. જે દેશને શક્તિશાળી બનાવા માટે બ્રાહ્મણના ત્યાગ અને તપસ્યાનું યોગદાન રહ્યું હોય તે બ્રાહ્મણને લોકો ખોટું સમજી રહ્યા છે. જે બ્રાહ્મણોએ મોગલો, યવનો, અંગ્રેજો અને રાક્ષસી પ્રવૃત્તિવાળા લોકોના ભયાનક અત્યાચારો સહન કરીને પણ આ દેશની સંસ્કૃતિ અને જ્ઞાનને બચાવી રાખ્યું છે. જ્યારે વેદોને સળગાવવામાં આવ્યા હતા ત્યારે તેને કંઠસ્થ કરીને નવી પેઢી સુધી તેને પ્હોંચતા કર્યા છે. બ્રાહ્મણોએ સમાજને તોડ્યો નથી પરંતુ જોડ્યો છે. બ્રાહ્મણોએ બનાવેલી આપણી કેટલીક પૌરાણિક પરંપરાઓ સમજવા જેવી છે, બ્રાહ્મણોએ એ વખતે આપણા સમાજના સૌથી નીચલા પગથિયે ઊભેલા દલિતને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે એક નિયમ બનાવ્યો કે દલિત સ્ત્રી દ્વારા બનાવેલ ચૂલાની અગ્નિથી જ બધા કાર્ય શુભ ગણાશે, એ રીતે સૌ પ્રથમ દલિતોને મુખ્ય પ્રવાહમાં જોડ્યા, ત્યાર પછી નિયમ બનાવ્યો કે ધોબણ દ્વારા આપવામાં આવેલા જળથી જ કન્યા સૌભાગ્યવતી રહે છે, જે લોકો મૈલું અને ગંદકી સાફ કરવાનું કાર્ય કરતા હતા તેમને જોડતા નિયમ કર્યો કે કોઈપણ વ્યક્તિના મૃત્યુ પછી એને મુખાગ્નિ આ લોકોમાંથી કોઈ આપશે તો જ મૃતકનો આત્મા સ્વર્ગે જશે, આવી રીતે કુંભાર, કહાર, વિશ્વકર્મા, ધારીકર, મુસહર તથા હિંદુમાંથી મુસ્લિમ બનેલી મહિલાઓ વગેરે બધાના કામને હિંદુત્વની ધાર્મિક વિધિઓ સાથે, પ્રસંગો અને તહેવારો સાથે જોડીને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવાનું કાર્ય બ્રાહ્મણોએ કર્યું છે જે બહું ઓછા લોકો જાણે છે, આનો વિરોધ જે તે સમયે મોટા મોટા મંદિરો, મઠોમાં કામ કરતા પાંડાઓએ (પંડિતો નહી) તથા અન્ય જાગીરદારોએ, સત્તાવાહકોએ, રાજાઓએ, કેટલાક સંપ્રદાયોએ કરેલો. જેને પરિણામે આ સૌએ મળીને બ્રાહ્મણોને જ બદનામ કર્યા. બ્રાહ્મણ જે અધ્યાપન કરતો હતો તેના બદલામાં તેની રોજી-રોટી માટે સમાજ પૈસા આપતો હતો. આ દેશમાં કોઈ ગરીબીની સામે નથી લડી રહ્યું જાતિઓ સામે લડી રહ્યું છે.

ખરેખર બ્રાહ્મણ એટલે જે બ્રહ્મતેજથી ઝળહળ છે. પૂર્ણજ્ઞાનથી નિર્મળ છે. ગંગાને ત્રિપથગામીની કહી છે. તે આકાશમાં, પૃથ્વી ઉપર અને પાતાળમાં ત્રણેય લોકમાં વહે છે. બ્રાહ્મણ તેના જ્ઞાન દ્વારા નિર્મળ ગંગાની જેમ વ્હેતો રહે છે. જેના મનમાં કોઈ પ્રત્યે ઝેર નથી, વિચરણ કરે છે. મુક્તિ અપાવે તે વિદ્યા. બ્રાહ્મણ આપણા મનની સાંકળોને ખોલી આપે છે. જે બ્રહ્મને જાણી ગયો તે બ્રાહ્મણ. બ્રાહ્મણ જપ-તપ-તીર્થ કરતો રહે છે. અને આ પૃથ્વી ઉપર જ્ઞાન પામતો રહે છે અને જ્ઞાન આપતો રહે છે. અધ્યયન અને અધ્યાપન બંને કરે છે. એ સૌ કોઈ બ્રાહ્મણ છે આમાં ક્યાંય જ્ઞાતિ કે જાતિનો ઉલ્લેખ નથી આવતો.

આજે ગરીબ બ્રાહ્મણની વાર્તાઓનો સાર ભૂલાઈ ગયો છે માત્ર ગરીબ બ્રાહ્મણ યાદ રહી ગયો છે, એ આપણી દુર્દશા છે. જે સર્વ વિદ્યાનો પારંગત હતો એ બ્રાહ્મણ આજે કેમ સાવ નિષ્ફળ લાગે છે ? પ્રત્યેક બ્રાહ્મણે પોતાની જાતને પૂછવા જેવું છે. હવે બ્રાહ્મણો પણ જ્ઞાતિ આધારિત સંગઠિત થયા છે. જય પરશુરામ અને હર હર મહાદેવના નારા લગાવીને પોતાની આભાસી એકતાનું પ્રદર્શન કરી રહ્યા છે. જો કે આવા દરેક જ્ઞાતિ સંગઠનો પાછળ કોઈ ને કોઈ રાજકીય પક્ષો કે આગેવાનોનો દોરી સંચાર હોય જ છે. સૌને આજે રાજકીય લાભો લેવા છે. બાકી કોઈ પોતાના પરિવારને મૂકીને બીજાના પરિવારને મદદ કરવાના નથી. એ પછી બ્રાહ્મણ હોય કે પટેલ હોય કે અન્ય કોઈ .... જ્ઞાતિ જાતિના અધિવેશનો, સંગઠનો કદાચ જ્ઞાતિને તો જોડે છે પણ સમાજને તોડે છે. દેશની અખંડિતતાને તોડે છે.

અનુસંધાન પાના નં ૭ પર

# આ પ્રોબ્લેમ જલ્દી 'પાર્ક' કરવો પડશે..!



## રઝળપાટ

અજય ઉપાધ્યાય

હવે 'નો પાર્કિંગ' ની લાલ-કાળી સાઈન ગંભીરતાથી લેવાનો સમય આવી ગયો છે... હવે ફૂટપાથોના દબાણો ઉપરાંત રાહદારીઓએ આડેધડ થતા પાર્કિંગ સામે લડવાનો સમય પણ આવી ગયો છે... હવે ખરીદી કરવા જતા રસ્તે રઝળતા મુકાતા વાહનોને ટોઈંગ કરવા કમર કસવી જ પડશે...હવે કોમર્સિયલ કોમ્પ્લેક્સમાં પાર્કિંગના નામે થતી ઉઘાડી લુંટને અટકાવવી પડશે...હવે ટ્રાફિક પોલીસે ૨૫-૫૦ ની લાલચ જતી કરીને પણ ટ્રાફિકને નડતર વાહનો અને એના માલિકોને દંડ - આકરામાં આકરો દંડ ફટકારવા તૈયાર થવું જ પડશે...હવે રમતગમતનું મેદાન તો ઠીક પણ વિદ્યાર્થીઓ માટે પાર્કિંગની વ્યવસ્થા ન રાખતી શાળાઓના સંચાલકો પર લાલ આંખ કરવી જ પડશે...! હવ.. હવે.. હવે.. આ હવે હવે હજુ ઘણું દુર છે એવું જો માનવામાં રહીશું તો ટ્રાફિક અને પાર્કિંગનો વિકરાળ પ્રશ્નથી રસ્તાઓ - ગલીઓ - કોમ્પલેક્ષો - શાળાઓ -કચેરીઓ ઉભરાતી હશે એ દિવસો ફટ કરતાંક ને આવી જવાના...!

વસ્તી ફાટફાટ થઈ રહી છે અને સાથે સાથે લોકોની વાહનો ખરીદવાની ક્ષમતા વધતી રહી છે બીકોઝ લોનો ઈઝી અવેલેબલ છે અને હપ્તા પોસાય એવા છે એટલે શું છે કે દરેકનું સ્વપ્ન 'મારે પણ એક ગાડી હોય' એ ફટાફટ પૂરું થઈ રહ્યું છે પણ આ સ્વપ્નની આડઅસરો ધીરે ધીરે દેખાવા લાગી છે. ગુજરાત કે ભારતના કોઈ પણ મોટા શહેરો કે નાના શહેરોમાં જાવ તો મગજનું દહીં કરી નાખતો એક જ પ્રશ્ન મુંજવે - પાર્કિંગ ક્યા ? 'માધવ ક્યાય નથી મધુવનમાં 'ને ટ્વીસ્ટ કરીને કહી શકાય કે 'પાર્કિંગ ક્યાય નથી આખા શહેરમાં..!' જી હા, ફોર કે ટુ વ્હીલ લઈને બહાર નીકળેલો ચાલક બીજું બધું તો ઠીક પણ પાર્કિંગનાં મામલે નિઃસહાય થતો જાય છે. પોલીસ છે - કાયદા છે - ઈમેમો છે - દંડ છે - નોપાર્કિંગ ના બોર્ડો પણ છે...પણ આ બધુયે હોવા છતાયે પાર્કિંગ ક્યાં ?

આપણને એમ કે આ ખાલી આપણા એકલાની જ પળોજણ છે..ના બબુઆ ના...પાર્કિંગનો પહેલો પ્રશ્ન ફરજીયાત લગભગ હરેક શહેર - હરેક દેશમાં આટલો જ છે. હા એ ખરું કે વિકસિત દેશોએ એને હલ કરવામાં ઓછે વત્તે અંશે સફળતા મેળવી છે પણ જો વાત અપુન કા ઈન્ડિયા કી કરીએ તો આપણે હજુ ઘણું કરવું બાકી છે. ટ્રાફિકની ડ્રાઈવો ચલાવવાથી કે રોજના લાખો રૂપિયાના મેમો ફાડવાથી આનો હલ આવે એમ છે નહિ. પૂછો કયું ? ક્યુકી ટ્રાફિક (આઈ મીન પાર્કિંગ) ને નાથવાનો સૌથી બેસ્ટ ઉપાય તો વી ધ પીપલે જ શોધવો અને અમલમાં મુકવો પડે એમ છે. શરૂઆતમાં જ આનો ઉલ્લેખ કર્યો કે આપણે જ જાગવું પડશે. યસ, ઓફકોર્સ સરકારની જવાબદારી અનેકોગણી છે એની નાં નહિ પણ ખાલી પાન-માવો ખાવા કે એકલા એકલા લટાર મારવા ગાડીઓ લઈને નીકળી પડતા એકલદોકલ લોકોએ પહેલા તો પોતાની ડ્રાઈવિંગ જિજીવિષાને કાબુમાં રાખવી પડશે. મોટાભાગના શહેરોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ સીસ્ટમ છે જ પણ ના રે બસમાં કે રીક્ષામાં તો કઈ જવાતું હશે ? આવી માનસિકતા બદલવી પડશે. હા કોઈ પ્રસંગમાં કે બહાર ફેમીલી લઈને જતા હોઈએ તો સ્વાભાવિક છે કે ગાડી જ સારી અને સસ્તી પડે પણ એવા સંજોગોમાં પણ વ્યવસ્થિત પાર્કિંગ શોધવું અને કરવું એ આપણી જવાબદારી છે કે નહિ ?

અને આ બધું કાઈ આપણે બીજા કોઈ પર ઉપકાર કરવા માટે નથી કરવાનું પણ જો ક્યાંક શોપિંગ કે ફરવા ગયા હોઈએ ને જોજનો દુર ગાડી પાર્ક કરવી પડે કે મજબુરીથી નોપાર્કિંગ માં પાર્ક કરેલી ગાડીને છોડાવવા ધરખમ દંડ અને માનસિક તકલીફો સહન કરવી ના હોય તો આટલું તો કરવું જ જોઈએ. જો કે આનો અર્થ એ નથી કે બધી જ જવાબદારીઓ આપણી જ બને છે. સરકારે કે સ્થાનિક વહીવટીતંત્રે પાર્કિંગની પુરતી વ્યવસ્થા મળી રહે એ જોવું જરૂરી બની રહે છે. છે ઘણા શહેરોમાં મલ્ટીલેવલ પાર્કિંગ પણ છે (પણ પૈસા કોણ ખર્ચે હે..અને ખર્ચે પણ ખરા જો વ્યાજબી ચાર્જ હોય તો..!) ...છે ઘણા શહેરોમાં પેઈડ પાર્કિંગ પણ છે (પણ પોસાવા પણ જોઈએ ને.. કલાક ગાડી પાર્ક કરવાના ૨૦ થી ૫૦ થોડા હોય ?!). જો કે એક સર્વે એવું કહે છે કે ભારતમાં પેઈડ પાર્કિંગના ચાર્જ બીજા દેશો કરતા ઓછા છે. ખાલી અમદાવાદની જ વાત કરીએ તો અંદાજે ૬૦ લાખની વસ્તીમાં લગભગ પચાસેક લાખ વાહનો છે હવે જો આમાંથી માત્ર ૧૦ ટકા પણ એટ એ ટાઈમ રસ્તાઓ પર નીકળતા હોય તો પણ પાંચ લાખ વાહન થયા. ક્યા છે પાંચ લાખ વાહન પાર્ક થાય એવી વ્યવસ્થા ? અને આમાં શહેર બહારથી આવતા મુલાકાતીઓના વાહનો તો આપણે ગણતા જ નથી લ્યા...! એવું નથી કે ખાલી અમદાવાદ, રાજકોટ કે સુરતનો જ આ પ્રશ્ન છે. દેશના લગભગ શહેરોમાં પાર્કિંગનો પ્રશ્ન જટિલ થતો જાય છે. વહીવટીતંત્ર આયેદિન આનો નિવેડો લાવવા પગલાઓ ભરતા જ હોય છે પણ વાહનોની કુદકેને ભૂસકે વધતી વસ્તી અને યોગ્ય ટ્રાફિક સેન્સના અભાવને લીધે હજુ સુધી તો લાચાર બન્યા છે.

વાત કોઈ એક શહેર કે એરીયાની નથી પણ પાર્કિંગનો પ્રશ્ન હવે એટલો પેચીદો થતો જાય છે કે આ મામલે તો ખૂન પણ થવા લાગ્યા છે. ફલેટોમાં લીમીટેડ પાર્કિંગ ફેસીલીટીના પ્રતાપે ઘણા કુટુંબો કાર નથી ખરીદી શકતા. જગતના ઘણા દેશોમાં બે પ્રકારના પાર્કિંગ હોય છે - એક ફ્રી અને બીજું પેઈડ. પણ ખાટલે મોટી ખોટ એ છે કે નબળા કાનૂનો, ભ્રષ્ટાચાર અને લાગવગશાહીની સાથે સાથે આપણામાં સિવિક સેન્સનો અભાવ છે એટલે આપણે ફ્રી અને પેઈડનો તફાવત સમજી શકતા નથી. જો કે હાઈકોર્ટના ફટકાર પછીથી પોલીસ અને ટ્રાફિક શાખા જાગી છે અને પ્રશંશનીય કામગીરી કરી રહી છે પણ હકીકત એ છે કે ટાઉન પ્લાનિંગની ખામીઓમાંની એક એવી પાર્કિંગ ફેસીલીટીની ઉણપોને લીધે હજુ જોઈએ એટલો ફાયદો થયો નથી છતાં પણ પબ્લિકમાં એક અવેરનેસ આવે એ પણ ઘણું છે. સાથે સાથે વહીવટીતંત્રને પણ અહેસાસ થઈ ગયો છે કે આજે નહિ તો કાલે પાર્કિંગના આ અઘરા દાખલાનો જવાબ તો શોધવો જ પડશે.

વહીવટીતંત્રના શામ-દામ-દંડ જેવા ઉપાયોની સાથે સાથે સૌથી અગત્યનું છે કે પબ્લિકમાં ટ્રાફિક અવેરનેસ આવે, ચાર-ચાર પૈડાવાળી લાંબી-ટૂંકી ગાડીઓ લઈને મહાલવા નીકળતા લોકો થોડા અટકે. મોલો કે શોપિંગ એરિયામાં આવતા લોકો માટે ફીક્ષ પાર્કિંગ ફેસીલીટી રોડસાઈડ રાખવી ઘટે જેનો નિશ્ચિત સમયમાં ઉપયોગ કરી શકાય. પબ્લિક પ્લેસીસ પર ફ્રી પણ ચોક્કસ સમય માટે અને પ્રાઈવેટ ગ્રાઉન્ડ પર પેઈડ પાર્કિંગ અનિવાર્ય રહેવું જોઈએ. દરેક કોમર્શીયલ કોમ્પ્લેક્ષમાં પાર્કિંગ ફેસીલીટી મસ્ટ અને ફ્રી હોવી જોઈએ. પાર્કિંગ માટે અંદરની શેરીઓનો ઉપયોગ કરાવી શકાય પણ હા ત્યાના રહીશોને નડતર થાય નહિ એમ. વિદેશોમાં આ સ્ટ્રીટ પાર્કિંગ બહુ કોમન અને સક્સેસફૂલ છે. મલ્ટીલેવલ પાર્કિંગ આજના અને આવનારા સમયની જરૂરીયાત છે, પાર્કિંગના પ્રશ્નો જ્યાં વધુ થતા હોય ત્યાં આ પ્રકારના પાર્કિંગ બનાવવા જોઈએ અને એ પાર્કિંગ કિફાયતી દરે વપરાવા જોઈએ અને એ પાર્કિંગ વાપરવા પ્રત્યે વધુ ને વધુ લોકોને જાગૃત કરવા જોઈએ. ટ્રાફિક પોલીસે ખાલી મેમો ફાડ્યે કે દંડ વસુલ કર્યે રાખી સંતોષ ના માનતા વધુ ને વધુ ચાલકોને પાર્કિંગના આવા સોલ્યુશન પ્રત્યે અવેર કરતા રહેવા જોઈએ અને મોસ્ટ ઈમ્પોર્ટન્ટ આપણે પણ અવેર થતા રહેવું જ પડશે.